**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૯/૫/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૦૧૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૪૨૩૪ બોટલ ઇગ્લીશ દારૂ તથા બીયરટીન, ૦૧ એક્સેસ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૪૨૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :- સમાચાર યાદી નં.૧૦૧૨/૧૫**

**ચાંદખેડા :** રમેશભાઇ મોહનલાલ નાયક (રહે,ધરતીનગર સોસાયટી, રેલવે સ્ટેશનની સામે, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ત્રણ વર્ષ પહેલાથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનો પુત્ર નિલેશભાઇ રમેશભાઇ નાયક પોતાના ઘરમાંથી સોનાનાં દાગીના, ૦૧ કિલો ચાંદીના વાસણો અને મોટર સાયકલ નંબર જીજે.૦૧.ટી.સી.૭૮૬ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૦૧૩/૧૫**

**ઘાટલોડીયા :** છાયાબેન હરીશભાઇ ઠાકોર (ઉ.વ.૪૦)(રહે, ઠાકોર વાસ, ચામુડા માતાના મંદીર પાસે, ઘાટલોડિયા) તા.૭/૫/૧૫ બપોરના ૧૨/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર જમવાનું બનાવતાં, પહેરેલ કપડે આગ લાગી જતાં, છાયાબહેન શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૫/૧૫ નાં કલાક ૯/૦૫ વાગે છાયાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાણીલીમડા :** અનિતાબહેન ભરતભાઇ જાદવ (ઉ.વ.૨૮)(રહે : શ્રીધર સોસાયટીની બાજુમાં, ઓરડી નં.૧૫, દાણીલીમડા) તા.૬/૫/૧૫ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટવાળા પ્રાયમસ ઉપર જમવાનું બનાવતાં હતા દરમ્યાન ચાલુ પ્રાયમસમાં કેરોસીન પુરવા જતાં, ભડકો થતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગે અનિતાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)